યુપીએના શાસનમાં આઈટી ગ્રોથ રેટ ઘટયો

બેંગલોર,તા.૧૭

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ આજે બેંગલોરમાં વિશાળ રેલીને સંબોધતા યુપીએ સરકાર ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા.સાથે-સાથે બેંગલોર અને કર્ણાટકના લોકોની પ્રગતિશીલ વિચારધારા માટે તેમનો અભિનંદન પણ કર્યો હતો અને તેમની પ્રશંસા કરી હતી. મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસી ઈન્ડોર અને અમે આઉટડોર ખેલાડીએ છીએ. મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસના લોકો સાથે કોઈ લેવા દેવા નથી. કોંગ્રેસ પાર્ટી લોકોની અંદર જઈને કામ કરી રહી નથી અને બિલકુલ વિરૂદ્ધમાં ભાજપ લોકોની વચ્ચો વચ્ચ જઈને કામ કરી રહી છે. યુપીએના શાસનમાં આઈટી સેક્ટરમાં ગ્રોથ રેટ ૪૦ટકાથી ઘટીને૯ટકા થઈ ગયો હોવાનો દાવો મોદીએ કર્યો હતો. વાજપેયી સરકારના ગાળા દરમિયાન આઈટી સેક્ટરમાં ગ્રોથ રેટ ૪૦ટકા હતો જે યુપીએ-૧ના શાસનમાં ઘટીને ૩૦ટકા થયો હતો. તેમાં યુપીએ-૨ના શાસનમાં વધુ ઘટાડો થયો હતો અને યુપીએ-૨ના શાસનમાં હવે આઈટી સેક્ટરમાં ગ્રોથ રેટ ૯ ટકા રહી ગયો છે. મોદીએ જુદા-જુદા મુદ્દાઓ ઉપર યુપીએ સરકાર ઉપર પ્રહારો કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસે ઓપિનીયન પોલ ઉપર પ્રતિબંધ મુકીને લોકોની વિચારધારા દબાવી દેવાના પ્રયાસ કર્યા છે. કોંગ્રેસની સરકાર બહુમતથી નહીં બલ્કે સીબીઆઈથી ચાલી રહી છે. મોદીએ કહ્યું હતું કે, બેંગલોરનું વિજ્ઞાન અને આઈટી ક્ષેત્રે અભુતપુર્વ યોગદાન રહ્યું છે. આ શહેરના લોકોએ ભારતને દુનિયાના નક્શા ઉપર મુકવામાં સફળતા મેળવી છે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, હાલના દિવસોમાં કેન્દ્રની સરકાર માત્ર

રાજનીતિ કરી રહી છે. આ સરકારે તેમના ઉપર હુમલા તીવ્ર બનાવી દીધા છે. મોદીએ દાવો કર્યો હતો કે, દેશમાં આઈટીની પ્રગતિમાં વાજપેયી સરકારની નીતિ મહત્વપૂર્ણ રહી છે. વાજપેયીના સમયગાળા દરમિયાન જ આઈટીમાં ક્રાંતિ આવી હતી. મોદીએ કોંગ્રેસની રાજનીતિ અને અર્થનીતિ ઉપર પ્રહારો કર્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે, રૂપિયામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. દેશ ખતરનાક રીતે કરન્ટ એકાઉન્ટ ડેફીસીટ અથવા તો ચાલુ ખાતામાં નુકશાનનો સામનો કરે છે અને જો સમયસર પગલા લેવામાં આવશે નહીં તો દેશ અતિ ખરાબ સ્થિતિમાં મુકાશે. મોદીએ એવો દાવો પણ કર્યો હતો કે, જે મુન મિશન ઉપર યુપીએ સરકાર કામ કરી રહી છે તેની શરૂઆત પણ વાજપઈ સરકારે કરી હતી. મોદીએ ઉમેર્યું હતું કે, અમારી પાસે સૌથી વધુ વાયબ્રન્ટ લોકશાહી છે. ભારતની વસ્તીમાં ૬૫ વર્ષથી નીચેની વયના લોકોની સંખ્યા ૩૫ ટકાથી ઓછી છે. ભારત યુવાનોનો દેશ છે. કોંગ્રેસ માટે યુવા વર્ગ માત્ર વોટ બેંક છે. અમારા માટે યુવા એક શક્તિ છે. તેમને પ્રોત્સાહન આપવા અને શક્તિ આપવાનું કામ કરીશું. મોદીએ તેમની પ્રશંસા બદલ લતામંગેશકરના ભારત રત્ન પરત લઈ લેવાની કોંગ્રેસની માંગની ઝાટકણી કાઢી હતી. યુપીએ સરકાર યુવાનોને રોજગારી ઉપલબ્ધ કરાવવાના વચનો પાળવામાં નિષ્ફળ ગઈ છે. કોલસા કૌભાંડ અંગે તેમણે કહ્યું હતું કે, સરકારે સુપ્રીમ કોર્ટમાં કહ્યું છે કે ફાઈલો લાપતા થઈ ગઈ છે. યુપીએ સરકારની હાલત કફોડી હોવાનો દાવો તેમણે કર્યો હતો. આજની રેલીમાં ભાજપ પ્રમુખ રાજનાથસિંહ પણ ઉપસ્થિત રહ્યા હતા. બેંગલોરમાં પેલેસ ગ્રાઉન્ડ ખાતે આ રેલી યોજાઈ હતી.

ક્રિકેટ છોડવાનુ કોઈ દુખ નથી : સચિન તેન્ડુલકર

મુંબઈ,તા. ૧૭

ક્રિકેટમાંથી નિવૃતિ લઈ લીધાના એક દિવસ બાદ માસ્ટર બ્લાસ્ટર સચિન તેન્ડુલકરે આજે તેની પ્રથમ પત્રકાર પરિષદમાં અનેક મુદ્દે ગઈકાલની જેમ જ વાત કરી હતી અને કહ્યું હતું કે ક્રિકેટમાંથી નિવૃતિ લેવાનુ કોઈ દુખ નથી. કારણ કે તે જાણે ચે કે આ યોગ્ય નિર્ણય છે. સચિને કહ્યું હતું કે તે દેશનો એક હિસ્સો રહે કે ન રહે તેના માટે દેશ હમેંશા સૌથી આગળ છે અને ભવિષ્યમાં પણ દેશ તેના માટે આગળ રહેશે. સચિને કહ્યું હતું કે ભારતની જીત માટે તે હમેંશા પ્રાર્થના કરતો રહેશે. આજે

મુંબઈમાં સચિન તેન્ડુલકરે પત્રકારોના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપ્યા હતા અને કહ્યું હતું કે તેની નિવૃતિને લઈને પહેલાથી જ પ્રશ્નો કરવા લાગી ગયા હતા. અને તે હમેંશા એમ જ કહેતો રહ્યો હતો કે જ્યારે પણ મને લાગશે કે નિવૃતિ લઈ લેવી જોઈએ ત્યારે તે નિવૃતિ લઈ લેશે. સચિને કહ્યું હતું કે શરીર સંકેત આપવા લાગી જાય છે. તેના શરીરે પણ સંકેત આપવાની શરૂઆત કરી દીધી હતી. આ તમામ સંકેતને સમજી લઈને તે યોગ્ય સમય નિવૃતિ લેવાનો નિર્ણય કરવા સહમત થયો હતો. જેથી નિવૃતિ લેવાના નિર્ણયને લઈને કોઈ દુખ નથી જો કે મેદાન પર હવે નહી રહેવાનુ દુખ ચોક્કસપણે રહેશે. સચિને કહ્યું હતું કે ક્રિકેટ તેના માટે ઓક્સિજનસમાન છે. જેથી ક્રિકેટથી સંપૂર્ણરીતે દુર રહેવાની બાબત તેના માટે શક્ય નથી. ક્રિકેટ સાથે તે જોડાઈને રહેવા માંગે છે. પરંતુ હજુ સુધી કોઈ નિર્ણય કર્યો નથી. પહેલા થોડાક દિવસ સુધી સંપૂર્ણ આરામ કરવા તે માંગે છે. ભારત રત્નથી સન્માનિત કરવામાં આવનાર સચિને કહ્યું હતું કે તેની માતાએ તેને આગળ વધારવા માટે જે રીતે સંઘર્ષ કર્યું છે તેને શબ્દોમાં રજૂ કરી શકાય નહી. દેશમાં અન્ય અનેક માતાઓ પણ તેની માતાની જેમ સંઘર્ષ કરતી રહી છે. સચિને કહ્યું હતું કે તે ભારત રત્ન તેની માતા જેવી જ એવી તમામ માતાને સમર્પિત કરે છે. સચિને કહ્યું હતું કે તે ભવિષ્યમાં પણ તમામ ઉભરતા ક્રિકેટરો સાથે તેના અનુભવ વહેચવા માંગે છે. સચિનને પત્રકાર પરિષદમાં ક્રિકેટ એકેડમી શરૂ કરવાના પ્રશ્નો પણ કરવામાં આવ્યા હતા. આ સંબંધમાં સચિને હકારાત્મક જવાબ આપ્યો હતો. જેથી લાગે છે કે સચિન એકેડમી શરૂ કરી શકે છે.

વિજ્ઞાનના ક્ષેત્રમાં વધારે રોકાણની જરૂર છે : રાવ

બેંગલોર,તા. ૧૭

માસ્ટર બ્લાસ્ટર બેટ્સમેન સચિન તેંડુલકરની સાથે ભારત રત્ન માટે જેમની પસંદગી કરાઈ છે તે સીએનઆર રાવે આજે કહ્યું હતું કે, ભારતે વિજ્ઞાનના ક્ષેત્રમાં વધારે મૂડીરોકાણ કરવું જોઈએ. વિજ્ઞાનના ક્ષેત્રમાં વધારે ધ્યાન આપવામાં આવે તે ખૂબ જ જરૂરી છે. તેમણે ઉમેર્યું હતું કે, તેઓ તેમની કામગીરીની પ્રશંસા કરવા બદલ વડાપ્રધાન મનમોહનસિંહ અને ભારત સરકારના આભીર રહ્યા છે. તેમણે એમપણ કહ્યું હતું કે, તેમના પરીવાર અને વિદ્યાર્થીઓ માટે પણ તેઓ કેટલાક સંદેશાઓ આપવા માગે છે. છેલ્લા ૬૪ વર્ષથી વિજ્ઞાનના ક્ષેત્રમાં રહેલા રાવને ભારત રત્ન આપવાની ગઈકાલે જાહેરાત કરવામાં આવી હતી. રાવ રિસર્ચમાં પર વર્ષ ગાળી ચુક્યા છે જ્યારે પ્રોફેસર તરીકે ૬૨ વર્ષ રહ્યા છે.૧૬૦૦ પેપરો અને ૪૮ પુસ્તકો તેઓ લખી ચુક્યા છે. તેમણે એમપણ કહ્યું હતું કે, ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ક્ષેત્રમાં સરકારે વધારે ધ્યાન આપવાની જરૂર છે. રિસર્ચ માટે વધારે ફંડની ફાળવણી થવી જોઈએ. ભારત રિસર્ચના ક્ષેત્રમાં ટોચના પાંચ દેશોમાં સ્થાન મેળવે તે ખૂબ જ જરૂરી છે. અમે દક્ષિણ કોરીયા અને ચીન સાથે સ્પર્ધા કરવાની સ્થિતિમાં છીએ. ચીને વિજ્ઞાનના ક્ષેત્રમાં ઘણું રોકાણ કર્યું છે. રાવે એમ પણ કહ્યું હતું કે, માત્ર વિજ્ઞાનમાં જ નહીં બલ્કે સંસ્થાઓમાં પણ પૂરતું રોકાણ થવું જોઈએ.

આમ આદમી માટે દિલ્હી અને યુપીએ સરકારે વધારે કામ કર્યું

નવી દિલ્હી,તા. ૧૭

દક્ષિણ દિલ્હીના આંબેડકર નગરમાં ચુંટણી રેલીને સંબોધતા કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ આજે દિલ્હીના મુખ્યમંત્રી શીલા દીક્ષીતની ભારે પ્રશંસા કરી હતી અને ખોટા પ્રચાર કરવા બદલ ભાજપ ઉપર આકરા પ્રહારો કર્યા હતા. દિલ્હીમાં વિધાનસભાની ચુંટણી આડે થોડાક દિવસ રહ્યા છે ત્યારે રાહુલ ગાંધીએ ત્રણ વખતથી મુખ્યમંત્રી રહેલા શીલા દીક્ષીતને સંપૂર્ણ સમર્થન આપ્યું હતું અને કહ્યું હતું કે, પાટનગરમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખૂબ શાનદાર રહ્યું છે. તેમના શાસનમાં દિલ્હી દરેક ક્ષેત્રમાં પ્રગતિના માર્ગ ઉપર છે. છેલ્લા ૧૫ વર્ષમાં દિલ્હી સરકાર અને યુપીએ સરકારે સામાન્ય લોકો માટે ઘણુ કામ કર્યું છે અને અમે માનીએ છીએ કે, સામાન્ય લોકો અને મહિલાઓને વધારે તાકત આપવી જોઈએ. તેમને વધારે શક્તિ આપવાથી ભારત સમૃદ્ધ બનશે. જ્યાં ભાજપ સત્તામાં છે તે રાજ્યો સાથે કોંગ્રેસ શાસિત રાજ્યોની સરખામણી કરતાં રાહુલે કહ્યું હતું કે, વિકાસની બાબતોમાં કોંગ્રેસના રાજ્યો ખૂબ જ આગળ છે. ભાજપ

દ્વારા શાસિત રાજ્યોમાં ધર્મના આધાર ઉપર મતભેદો થયેલા છે. જ્યારે કોંગ્રેસના શાસનમાં આવી કોઈ સ્થિતિ નથી. કોંગ્રેસના માટે તમામ નાગરીકો એક સમાન છે. હિંદુ, મુસ્લિમ અને શીખ અમારા માટે એક છે. અમે સંપૂર્ણ શાંતિ ઈચ્છીએ છીએ. દિલ્હીના મુખ્યમંત્રીની રાહુલે વ્યાપક પ્રશંસા કરી હતી. રાહુલે એમપણ કહ્યું હતું કે, અમે દેશને માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ કરાવી રહ્યા નથી પરંતુ એક શક્તિશાળી દેશનું નિર્માણ કરી રહ્યા છીએ. અમે ભારતને આરટીઆઈ આપવામાં સફળ રહ્યા છીએ. યુપીએ સરકારની સિદ્ધીઓ ઉપર વાત કરતાં રાહુલે આ મુજબની વાત કરી હતી. ખોટા વચનો બદલ ભાજપની ટીકા કરતા રાહુલે કહ્યું હતું કે, કોંગ્રેસના નેતૃત્વમાં સરકારોએ આમ જનતા માટે વધુ સારી કામગિરી કરી છે. ભાજપે કહ્યું છે કે,તેમના ગાળામાં વધારે માર્ગો બનાવાયા હતા. પરંતુ કોંગ્રેસે ભાજપ કરતા ત્રણ ગણા વધુ રસ્તાઓ બનાવ્યા છે. શિક્ષણના ક્ષેત્રમાં પણ સરકારે ખૂબ જ સારી કામગિરી અદા કરી છે. દરમિયાનમાં સત્તામાં સતત ચોથી વખત આવવાની તેયારીમાં રહેલા દિલ્હીના મુખ્યમંત્રી શીલા દીક્ષીતે ભાજપ ઉપર આક્ષેપોનો મારો ચલાવ્યો હતો અને કહ્યું હતું કે, ભાજપે લોકોમાં ખોટી માહિતી ફેલાવી છે. તેમના દ્વારા શાસિત રાજ્યોમાં મહિલાઓની હાલત ખૂબ ખરાબ થયેલી છે.

કેટરીના સલમાન ખાન સાથે લગ્ન કરે : આમિરની ઈચ્છા

આમિર ખાન અને સલમાન ખાનની મિત્રતા બોલિવૂડમાં જાણીતી રહી છે. વર્ષોથી આ બંને એકબીજાના ખૂબ જ નજીકના મિત્રો તરીકે રહ્યા છે. એક ફિલ્મમાં પણ આ બંને એક સાથે કામ કરી ચૂક્યા છે જે બોક્સ ઓફિસ ઉપર રેકોર્ડ સફળતા હાંસિલ કરી ચૂક્યા છે. હવે આમિર ખાન કેટરીના કૈફ સાથે ધૂમ-૩માં નજરે પડનાર છે. બોલિવૂડના મિસ્ટર પરફેક્ટનિષ્ટ આમિર ખાને

કહ્યું છે કે તે સલમાન ખાન અને કેટરીના કૈફને રિયલ લાઈફમાં પણ એક સાથે જોવા માગે છે. આવનારી ફિલ્મ ધૂમ-૩ના ટાઈટલ ગીતમાં લોન્ચ કાર્યક્રમ દરમિયાન આમિર ખાને કહ્યું હતું કે તેની ઈચ્છા છે કે સલમાન ખાન હવે લગ્ન કરી લે. તે આ અંગે અનેક વખત સલમાન સાથે વાત કરી ચૂક્યો છે પરંતુ તે તેની વાત પણ માની રહ્યો નથી. આમિર ખાને પોતાનો અભિપ્રાય આપતા કહ્યું હતું કે સલમાન અને કેટરીનાને રિયલ લાઈફમાં એક સાથે જોવા માગે છે. આમિર ખાનની સાથે હાજર રહેલી કેટરીનાને કહ્યું હતું કે સલમાન સમક્ષ લગ્નની ક્યારેય વાત કરી છે કે કેમ આ અંગે કેટરીનાએ કોઈપણ વાત કરવાનો ઈન્કાર કરી દીધો હતો. કેટરીનાએ કહ્યું હતું કે આ અંગે તેની પાસે જવાબ રહ્યો હોત તો તે ખુશ થઈ હોત. ધૂમ-૩માં આમિર ખાન નેગેટિવ રોલમાં નજરે પડનાર છે. આમિર અને કેટરીનાની સાથે ફિલ્મમાં અભિષેક બચ્ચન અને ઉદય ચોપડાની પણ ભૂમિકા છે. યશરાજ બેનર હેઠળ બનેલી આ ફિલ્મ ક્રિસમસ દરમિયાન ૨૦મી ડિસેમ્બરના દિવસે રજૂ કરવામાં આવનાર છે. આ સંબંધમાં આમિર ખાને કહ્યું હતું કે બોક્સ ઓફિસ ઉપર આ ફિલ્મ ચોક્કસપણે સફળતા મેળવશે તેવી અમને આશા છે.

કોલ્ડવેવ : લેહમાં માઈનસ ૧૦.૬ ડિગ્રી તાપમાન થયું

શ્રીનગર,તા. ૧૭

જમ્મુ કાશ્મીર ઉપરાંત દેશના અન્ય ભાગોમાં પણ કાતીલ ઠંડીની શરૂઆત થઈ ચુકી છે. ઠંડીની સૌથી વધારે અસર લેહમાં જોવા મળી રહી છે. લેહમાં તાપમાન માઈનસ ૧૦.૬ ડિગ્રી નોંધાયું છે. શ્રીનગરથી આશરે ૪૩૪ કિલોમીટરના અંતરે સ્થિત લેહમાં પારો માઈનસ ૧૦.૬ ડિગ્રી સુધી પહોંચી જશે. જનજીવન ખોરવાઈ ગયું હતું. જોકે ગઈકાલની સરખામણીમાં સ્થિતિનો સુધારો થયો હતો. ગઈકાલે તાપમાન માઈનસ ૧૨ ડિગ્રી નોંધાયું હતું. લેહ બાદ લડાખના અન્ય વિસ્તારો પણ ઠંડા રહ્યા હતા. જમ્મુ કાશ્મીરમાં કારગીલમાં પણ માઈનસ ૬.૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જોકે ગઈકાલે અહીં માઈનસ ૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. રાજ્યના ઉનાડા પાટનગર શ્રીનગરમાં રાત્રી તાપમાનમાં આંશિક સુધારો થયો હતો. અહીં પારો સુધરીને માઈનસ

૧.૬ ડિગ્રી થયો હતો. જે ગઈકાલે માઈનસ ૨.૧ડિગ્રી હતો. શ્રીનગરમાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતા નીચું નોંધાયું હતું. વિશ્વ પ્રસિદ્ધ સ્કીરીસોર્ટ ગુલમર્ગમાં માઈનસ ૧.૫ ડિગ્રી તાપમાન થયું હતું. ગઈકાલે તાપમાન માઈનસ ૧.૮ ડિગ્રી નોંધાયું હતું. ખીણના ગેટવે ગણાતા કાજીગુંદ, ઉત્તર કાશ્મીરમાં કુપવાડામાં પણ રાત્રી તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો. કોકરનાગમાં માઈનસમાં તાપમાન રહ્યું હતું. હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું છે કે,હવામાનની સ્થિતિ યથાવત રહેશે. ઠંડીમાં કોઈ સુધારો થશે નહીં. અમરનાથ યાત્રા માટે બેઝ કેમ્પ ગણાતા પહેલગામમાં માઈનસ ૩.૫ ડિગ્રી તાપમાન રહ્યું હતું. જોકે ગઈકાલે અહીં તાપમાન માઈનસ ૪.૬ ડિગ્રી થયું હતું. જમ્મુ કાશ્મીર ઉપરાંત રાજસ્થાન, પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશના જુદા-જુદા ભાગોમાં પણ તાપમાનમાં ઘટાડો થઈ રહ્યો છે. રાજસ્થાનના પ્રવાસી સ્થળ માઉન્ટ આબુમાં સૌથી વધારે ઠંડી પડી રહી છે. અહીં તાપમાન ઉલ્લેખનીય રીતે ઘટી ગયું છે. ધુમ્મસની સ્થિતિ પણ સર્જાયેલી છે જેને કારણે વાહન વ્યવહારની માઠી અસર થઈ રહી છે. ધુમ્મસના કારણે વાહન ચાલકોને પણ ભારે તકલીફ પડી રહી છે. જોકે હજુ સુધી વિમાની સેવાને કોઈ અસર થઈ નથી.

સચિન તેંડુલકર તમામ માટે સન્માનજનક છે

વાજપેયીને પણ ભારત રત્ન આપવા ભાજપની ઉગ્ર માંગ

નવી દિલ્હી,તા.૧૭

ભારતના સૌથી સર્વોચ્ચ નાગરિક સમ્માન ભારત રત્નથી માસ્ટબ્લાસ્ટર સચિન તેંડુલકરને સન્માનિત કરવાની જાહેરાત કરવામાં આવ્યાના એક દિવસ બાદ ભાજપે આજે કહ્યું હતું કે, માસ્ટર બ્લાસ્ટરનું તમામ લોકો પૂર્ણસન્માન

કરે છે. પરંતુ અટલ બિહારી વાજપેયીને શા માટે ભારત રત્ન અપાયું નથી. તેવો પ્રશ્ન ભાજપે કર્યો હતો. ભાજપે વાજપેયીને દેશના સર્વોચ્ચ નાગરિક સમ્માન આપવા આજે ફરીવાર માંગણી કરી હતી. છત્તીસગઢના પાટનગર રાયપુરમાં એક રેલીને સંબોધતા ભાજપના પ્રવક્તા રવિશંકર પ્રસાદે ભારત રત્ન માટે ભૂતપુર્વ વડાપ્રધાનના નામ ઉપર કેમ વિચારણા કરાઈ નથી તેવો પ્રશ્ન કર્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, વર્ષ ૨૦૧૪માં એક વખતે એનડીએ સરકાર સત્તામાં આવ્યા બાદ વાજપેયીને આ પ્રતિષ્ઠીત એવોર્ડ અપાશે. તેમણે એમપણ કહ્યું હતું કે, તેઓ છત્તીસગઢથી આ મુદ્દો ઉઠાવી રહ્યા છે કારણકે, વાજપેયીની પહેલથી જ આ રાજ્યની રચના થઈ હતી. ભાજપે આ મુદ્દો પ્રથમ વખત ઉઠાવ્યો નથી.

અગાઉ ભાજપના સાંસદ અને ભૂતપુર્વ નાણા મંત્રી યશવંતસિંહાએ પણ વડાપ્રધાનને પત્ર લખીને અસામાન્ય યોગદાન બદલ વાજપેયીને ભારત રત્ન આપવાની માંગ કરી હતી. સચિન તેંડુલકરને ભારત રત્ન આપવાની જાહેરાત કરાયા બાદ ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ તરત જ લીટલ માસ્ટરને અભિનંદન આપ્યા હતા.

શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

દલિત કવિતાનું આ સંપાદન જોતાં એ વસ્તુ ઉડીને આંખે વળગે છે કે દલિત કવિતાનું સ્વરૂપ મુખ્યત્વે અછાંદસમાં નીખર્યું છે. બહુધા અછાંદસ રચનાઓ મળવાનું કારણ કદાચ એ પણ છે કે તેનો જન્મ અછાંદસ રૂપે જ થયો હતો. ઠા, દલપત ચૌહાણ જેવા કેટલાકે ગીતોની રચના કરી હતી. પછીથી આવેલા કવિઓએ ગીતો, ગઝલો અને અછાંદસ સ્વરૂપનો પણ ઉપયોગ કર્યો છે. વીર-માયો (ખંડ કાવ્ય) અહીં આપણે મળે છે. જેમાં શિખરીણી, મંદાક્રાન્તા, અનુષ્ટુપ, વસંત તિલકા જેવા છંદોનો ઉપયોગ થયેલ જોઇ શકાય છે.

અદલિત કવિઓ પણ સારી એવી સંખ્યામાં મળી આવ્યા છે. અન્ય ભાષાઓની દલિત કવિતા કરતાં ગુજરાતી અદલિત કવિતા અહીં જુદી પડે છે. દલિત કવિતામાં દલિત અદલિત કવિઓનો ભેદ નથી. દલિત સમાજના સુખ દુઃખ વ્યથા, આક્રોસની અભિવ્યક્તિ થાય તે દલિત કવિતા એવો સાદો અર્થ ગુજરાતીમાં થાય છે. અલબત્ત બાહુલ્ય તો જન્મે દલિત કવિઓનું જ છે.

દલિત કવિતાનું આવું સુંદર સંપાદન કરી જન સમાજ સમક્ષ દલિત કવિતાને મુકી આપવા બદલ દલિત કવિતાને પ્રોત્સાહિત કરનાર કવિ પ્રવિણ ગઢવીને અભિનંદન સાથે આ સુંદર સંપાદનને સૌ આવકારીએ.

દલિત કવિતા
પ્રકાશક - ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર.
કિંમત - ૧૨૫/-, પૃષ્ઠ - ૨૧૬

ફેસબુકની પાસે દેશમાં ૮૭.૨ કરોડ યુઝર્સ છે

બેંગ્લોર,તા.૧૭

વૈશ્વિક ગ્લોબલ ઇન્ટરનેટ કંપનીઓ માટે પણ ભારત નવા મૂડીરોકાણકાર દેશ તરીકે ઊભરી રહ્યું છે. ગૂગલના ભારતમાં ૧૦ કરોડ યુઝર્સ છે જ્યારે ફેસબુકની પાસે દેશમાં ૮૭.૨ કરોડ યુઝર્સ છે. ગ્રામીણ ભારતમાં પણ ૭.૨ કરોડ લોકો ઇન્ટરનેટનો ઉપયોગ કરી રહ્યા છે. દેશમાં ઇન્ટરનેટનું નેટવર્ક વધવાથી એનઆરઆઈ પણ વેબ બેસ્ટ બિઝનેસ શરૂ કરવા દેશમાં પરત ફરી રહ્યા છે. બ્રિટનથી ભારત પરત ફરેલા કેટલાક કારોબારીઓ આ ક્ષેત્રમાં એન્ટ્રી કરી ચૂક્યા છે.

ગોરખાલેન્ડની માંગ હાલ નહીં જ કરાય : જીજેએમ

કોલકાતા,તા. ૧૭

ગોરખા જનમુક્તિ મોરચાની આગામી સપ્તાહમાં બેઠક યોજાનાર છે તે પહેલાં જ જીજેએમએ આજે કહ્યુંહતું કે, હાલમાં ગોરખાલેન્ડની માંગ કરવામાં આવશે નહીં માત્ર વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે. વાતચીત દરમિયાન સ્વાયત સંસ્થાની યોગ્ય કામગીરી માટે જીટીએ એક્ટમાં સુધારા કરવાની માંગ કરવામાં આવશે. સાથે-સાથે વિકાસના પાસા ઉપર ચર્ચા કરવામાં આવશે. આગામી બેઠક માટે મુદ્દાઓ પણ તૈયાર કરી દેવામાં આવ્યા છે. જીજેએમના નેતાએ આજે કહ્યું હતું કે, કોલકાતામાં યોજાનારી વાતચીત દરમિયાન ટેબલ ઉપર ગોરખાલેન્ડનો મુદ્દો ઉઠાવવામાં આવશે નહીં. માત્ર વિકાસ મુદ્દા ઉપર ચર્ચા કરાશે. હાલમાં અમારા એજન્ડામાં ગોરખાલેન્ડ નથી. જીટીએને વધારે શક્તિશાળી કઈરીતે બનાવી શકાય અને જીટીએને વધુ અસરકારક બનાવવા માટે માંગ રજૂ કરવામાં આવશે. ગોરખા જનમુક્તિ મોરચા તથા પશ્ચિમ બંગાળ સરકાર વચ્ચે આ વાતચીત ૨૦મી નવેમ્બરના દિવસે યોજાશે. ત્રિપક્ષીય વાતચીતમાં કેન્દ્ર સરકાર પણ આગામી દિવસે જોડાશે. ગૃહવિભાગના સૂત્રોએ કહ્યું છે કે,દ્વિપક્ષીય વાતચીતમાં મુખ્ય મુદ્દો વિકાસનો હશે જ્યારે ત્રિપક્ષીય વાતચીતમાં જીટીએની કામગીરીનો મુદ્દો ઉઠાવાશે.

પાંચ સ્ટેશનોને વધુ આધુનિક બનાવવાની રેલવેની યોજના

નવી દિલ્હી,તા. ૧૭

નાણાકીય કટોકટી હોવા છતાં ભારતીય રેલવે યાત્રીઓની સુવિધા વધારવાના હેતુસર પાંચ સ્ટેશનો ઉપર અતિ આધુનિક સુવિધા સ્થાપિત કરવા માટેની તૈયારીમાં વ્યસ્ત છે. પાંચ વર્ષના ગાળામાં પાં રેલવે સ્ટેશનો ઉપર અતિ આધુનિક સુવિધા ગોઠવવામાં આવશે. જે પાંચ સ્ટેશનોને આધુનિકીકરણ માટે સૌથી પહેલાં પસંદ કરવામાં આવ્યા છે તેમાં દિલ્હીના આનંદ વિહાર અને બ્રિજવસન, ચંદીગઢ, હબીબગંજ અને પૂણેમાં શિવાજી નગર સ્ટેશનનો સમાવેશ થાય છે. દિલ્હીમાં બ્રિજવસન ગ્રીન ફિલ્ડ સ્ટેશન છે. મળેલી માહિતી મુજબ આ દરેક સ્ટેશનના આધુનિકીકરણમાં આશરે ૫૦૦ કરોડનો ખર્ચ

થશે. રેલવે આ ફંડ માટે સ્ટેશનની આસપાસ રિયલ એસ્ટેટ ડેવલોપમેન્ટ પ્રક્રિયા હાથ ધરશે. નિષ્ણાંતોનું કહેવું છે કે આ સ્ટેશનની આસપાસ રહેલા મુખ્ય સ્થળો નાણાં ઊભા કરવા માટે રેલવે માટે યોગ્ય તક સમાન છે. સ્ટેશનની આસપાસ ૧૦૦ એકર જમીનને વિકસીત કરવામાં આવશે. રેલવે સ્થાનિક સત્તાવારાઓ પાસેથી કેટલીક જમીન મેળવશે. રેલવે બજેટ ૨૦૧૨-૧૩માં આ પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવી હતી. તત્કાલીન રેલવે પ્રધાન દિનેશ ત્રિવેદીએ આશા વ્યક્ત કરી હતી કે પાંચ વર્ષના ગાળામાં આશરે ૧૦૦ સ્ટેશનોને આધુનીક બનાવવામાં આવશે. હજુ સુધી ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટો આગળ વધારી શકાયા નથી. કારણ કે રકમ ખૂબ મોટી રહેલી છે.